અપીલ અરજી નં.૯ર તા.ર૪–પ –૧૧
ફોન નં. ર૬૧ ર૪ર૩૭પ૧/પ૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.ર૯–૩–૧૧ ની અરજીથી (૧) શકિત નગર સોસાયટી ઉધનામાં પ્લોટ નં.૧૦ર,૧૪૮,૧૬૧,૧૬ર પર ઉભા થયેલ બાંધકામોમાં મિલકતધારક તરફથી બાંધકામની મંજુરી પૂર્વે જમીન માલિકી અંગેના જે જે ડોકયુમેન્ટસ આપના વિભાગમાં રજુ કરવામાં આવ્યા હોય તે તમામે તમામ ડોકયુમેન્ટસની નકલો આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.ર૪–પ–૧૧ ની **SMC/FAP/** નં.૯ર/ર૦૧૧–૧ર

શ્રી રમેશ કે. જાંગીડની તા.ર૯–૩–૧૧ ની અરજીથી (૧) શકિત નગર સોસાયટી ઉધનામાં પ્લોટ નં.૧૦ર , ૧૪૮ ,૧૬૧,૧૬ર પર ઉભા થયેલ બાંધકામોમાં મિલકતધારક તરફથી બાંધકામની મંજુરી પૂર્વે જમીન માલિકી અંગેના જે જે ડોકયુમેન્ટસ આપના વિભાગમાં રજુ કરવામાં આવ્યા હોય તે તમામે તમામ ડોકયુમેન્ટસની નકલો આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.ર૪–પ–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/ર૭૮ તા. ૧–૬–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૬૬ તા.૧પ–૬–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૧૩૦ તા.૩૦–પ–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૬૬ર૩ તા.ર–૧ર–૦૮ થી આપેલ મનાઈ હુકમની નકલ, સા.ઝોન/આ.નં.૬૬ર૪ તા.ર–૧ર–૦૮ થી આપેલ નોટીસની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.ર૯–૩–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ.જે બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી અરજદારે તા.ર૪–પ–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૩૦ તા.૩૦–પ–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારના (૧) શકિત નગર સોસાયટી ઉધનામાં પ્લોટ નં.૧૦ર , ૧૪૮ , ૧૬૧ ,૧૬ર પર ઉભા થયેલ બાંધકામોમાં મિલકતધારક તરફથી બાંધકામની મંજુરી પૂર્વે જમીન માલિકી અંગેના જે જે ડોકયુમેન્ટસ આપના વિભાગમાં રજુ કરવામાં આવ્યા હોય તે તમામે તમામ ડોકયુમેન્ટસની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી માંગવામાં આવેલ માહિતી ઉધનાઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. (ર) આ બાંધકામોને આપના વિભાગ વિકાસ અંગેની જે મંજુરી આપી હોય તેની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાંધકામોને ઉધનાઝોનના વિભાગ ધ્વારા વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. (૩) આ બાંધકામો મંજુર પ્લાન મુજબના છે કે કેમ તેની વિગત આપશો તથા જો મંજુર પ્લાન વિરુધ્ધના હોય તો અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાંધકામો પ્રત્યે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો આ સાથે સામેલ છે તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ છે. આરટીઆઈ એકટની કલમ–ર(એફ) અને ર (જે) અનુસાર જાહેર સત્તા મંડળ પાસેની અને નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૯–૦૩–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ,....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,